# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૪૩ | ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૯, રવિવાર; મહા વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# સરહદ પર સેનાની જંગી તૈનાતી

**તાત્કાલિક ધોરણે જમ્મુ-કાશ્મીરમાં ૧૦૦ વધારાની કંપનીઓ તૈનાત : અંતે સીઆરપીએફની ૪૫, બીએસએફની ૩૫, એએસબીની ૧૦ કંપનીઓ તૈનાત કરાઈ : કટ્ટરપંથીઓની ગતિવિધિ ઉપર પણ નજર : યાસીન મલિકની અટકાયત**



નવી દિલ્હી,તા. ૨૩

આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા પર હલચલ હવે તીવ્ર જોવા મળી રહી છે. ભારત સરકાર દ્વારા કરવામાં આવી રહેલી કાર્યવાહીથી સંકેત મળી રહ્યા છે કે પાકિસ્તાન સામે કોઈપણ સમયે પગલાં લેવામાં આવી શકે છે. સરહદ ઉપર મોટાપાયે જવાનોની તૈનાતી કરવામાં આવી ચુકી છે. સરકારે જમ્મુ-કાશ્મીરમાં તાત્કાલિક પ્રભાવ સાથે અર્ધલશ્કરી દળોની ૧૦૦ વધારાની કંપનીઓ ગોઠવી દીધી છે. જેમાં સીઆરપીએફની ૪૫, બીએસએફની ૩૫, એસએસબીની ૧૦, આઈટીબીપીની ૧૦ કંપનીઓનો સમાવેશ થાય છે. ભારતે સરહદ ઉપર સુરક્ષા અભૂતપૂર્વ કરી દીધી છે. સુપ્રિમ કોર્ટ તરફથી જો ૩૫-એને દુર કરવા માટે કોઈ ચુકાદો આવે છે તો કટ્ટરપંથીઓ તરફથી હિંસા થઈ શકે છે. આવી સ્થિતિમાં સરકારે વિવિધ પગલાંઓ લીધા છે. શુક્રવારના દિવસે સાંજે જ કાશ્મીર ખીણમાં અલગતાવાદી નેતા યાસીન મલિકની ધરપકડ થઈ હતી. આ ઉપરાંત જમાતે

● અનુસંધાન પાન-૭ પર

## પાકિસ્તાન સામે દેશભરમાં હજુ આક્રોશ અકબંધ

નવી દિલ્હી,તા. ૨૩

દેશભરમાં પુલવામામાં ત્રસવાદી હુમલા બાદ હજુ પણ લોકોમાં આક્રોશ અકબંધ છે. પાકિસ્તાનને બોધપાઠ ભણાવવાની માંગ સતત ઉઠી રહી છે. એક પછી એક પગલાં ભારત સરકાર દ્વારા પણ લેવામાં આવ્યા છે. જેના ભાગરૂપે ભારતે પુલવામા હુમલા બાદ તરત જ પાકિસ્તાનને આપવામાં આવેલો એમએફએનનો દરજ્જો પાછો ખેંચી લીધો હતો. પાકિસ્તાનથી આવતી ચીજવસ્તુઓ પર ચાર્જમાં ૨૦૦ ટકાનો વધારો કર્યો હતો. આ ઉપરાંત પણ શ્રેણીબદ્ધ પગલાં લેવામાં આવી ચુક્યા છે. પાકિસ્તાનને આપવામાં આવતું પાણી પણ બંધ કરવામાં આવ્યું છે.


**આચાર્ય જોઈએ છે**

સંતશ્રી આશારામજી ગુરૂકુળ, મોટેરા, અમદાવાદ (ફોન-૦૭૯-૩૯૮૭૭૭૮૫) **લાયકાત** : પોસ્ટ ગ્રેજ્યુએટ + બી.એડ. + ૫ વર્ષથી વધારે શિક્ષક તરીકેનો અનુભવ. યોગ્ય અને અનુભવી ઉમેદવારે **૨૮ ફેબ્રુઆરીએ સવારકે ૮.૦૦ કલાકે** ઉપરોક્ત સરનામે અરજી સાથે રૂબરૂમાં મુલાકાત કરવી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225







